# ઈગો

"... ઈગો એટલે હું! એક વિરાટ અહં...
મને 'અહંકાર' શબ્દ 'ૐકાર' જેટલો જ સ-રસ લાગ્યો છે...
અહંકાર એક ગુણ છે...
તૂટેલા માણસને એક જ વસ્તુ ટકાવી રાખે છે - એનો અહમ્...
અહં બ્રહ્માસ્મિ'નો અર્થ આવો જ કંઈક થતો હશે..."

... આ અને આવું ઘણું બધું બક્ષીબાબુ બોલ્યે જતા, અસ્ખલિત.
અને આમ 'ego'નો આકાર અંકાતો જતો હતો...
ત્યાં તો 25મી માર્ચ ત્રાટકી -
અહમ્‌ના ગુણાકાર અધૂરા રહી ગયા...
હવે? કોને પૂછું કે આ હું એટલે કોણ?
કેટલો વિશાળ શબ્દ છે? કેટલી વ્યાપક અનુભૂતિ છે?
એનો માત્ર એક જ વ્યક્તિના અનુભવ સાથે તાળો મેળવી શકાય?
આ અર્થમાં આ જ પ્રશ્નો હું બક્ષીબાબુની 'દાન' થઈ રહેલી આંખોને પૂછતો રહ્યો...
પણ પ્રશ્નાર્થ એટલો વિરાટ થતો ગયો કે,
આ પૃથ્વી, તેની આસપાસનું બ્રહ્માંડ, નક્ષત્રમંડળ... બધું જ તેમાં સમાતું ગયું...
છેવટે એ બધું જ પેલા પ્રશ્નાર્થની નીચેનું ટપકું બની ગયું...
પ્રશ્નાર્થ એટલો વિરાટ થાય કે,
એના નીચેના ટપકા સિવાય બીજું કંઈ પણ ન દેખાય,
ત્યારે પ્રશ્નાર્થ અને પૂર્ણવિરામ વચ્ચે કોઈ ફેર રહે ખરો!
બક્ષીબાબુનું દેહાવસાન થયું, પરંતુ
મારી અંદર જીવતા તેમના તેજસ્વી અને તેજાબી અને તોખારી શબ્દોનું શું?
એ શબ્દોના શ્વાસ તો અકબંધ છે!
તો જીવે છે કોણ? બક્ષી કે તેમનો અહમ્?

ચંદ્રકાંત બક્ષી - એમના સાહિત્યથી માહોલ બનતો હતો...

મિજાજ પ્રગટતો હતો... મસ્તી સર્જાતી રહેતી'તી...
શબ્દની ધાર કાઢીને શબ્દની જ આરપાર નીકળી ગયા બક્ષીબાબુ.
પશ્ચિમના દેશોમાં એક ક્રૂર રમત રમાય છે.
એ છે - પતંગિયાનું આલબમ બનાવવાની રમત.
તેઓ રંગબેરંગી પતંગિયાને ચાલાકીપૂર્વક પકડી, પછી આલબમનાં પાનાં પર
તેને પિન વડે જડી દે છે. પણ આલબમનાં પાનાં પર પિન-અપ થાય છે, એ શું પતંગિયું હોય છે?
ના. પતંગિયું તો એના જીવનમાં હોય છે... એની ચંચળતામાં હોય છે.
આમથી તેમ ઊડતી તેની ગતિમાં હોય છે.
પિન સાથે જડાઈ ગયા છે તે તો ફક્ત રંગો છે, પણ તેમાંથી જીવન બાદ થઈ જતું હોય છે.
બક્ષીના સાહિત્ય વિશે પણ આવું કહી શકાય.
તેને વ્યાખ્યા કે વિવેચનમાં જકડવા મથો...
એટલે રંગ જ ઝડપાશે, પણ જીવન?
શબ્દ કદાચ હજીય પકડાય પણ શબ્દોનું સત્ય?
એ તો એમના અસંખ્ય વાચકોના હૃદયના કોક ખાનગી ખૂણે ધબકતું હશે - ધબક્યા કરશે!
એલેક્ઝાંડર સોલ્જનિત્સિને નોબેલ પારિતોષિક સ્વીકારતાં પ્રવચનમાં કહેલું :

One word of truth outweights the whole world...
આ સત્ય કયું?
વાચકો સુધી પહોંચેલું બક્ષી સાહિત્ય, સત્યની નજીક રહેલું જણાય છે.

'ઈગો'– બક્ષીબાબુની હયાતીમાં આકાર પામેલું અંતિમ પુસ્તક છે.
૧૯૫૦માં પ્રથમ ટૂંકી વાર્તા 'મકાનના ભૂત' લખી, જે જાન્યુઆરી, ૧૯૫૧માં 'કુમાર'માં પ્રકટ થઈ,
અને ૨૦૦૬માં 'ઈગો' આવી રહ્યું છે. લખવું શરૂ કર્યું ત્યારે બક્ષીબાબુની ઉંમર ૧૮ વર્ષની હતી,
'ઈગો' માટે છેલ્લું લખાણ લખ્યું ત્યારે ઉંમર હતી ૭૪. વચ્ચેથી ૫૬ વર્ષો વહી ગયા અને
આશરે <u>સવાસો</u> પુસ્તકો માત્ર!
'ઈગો' આ તમામ પુસ્તકોમાંથી મને વધુ ગમેલા અને બક્ષીબાબુએ અપ્રુવ કરેલા
ગદ્યખંડો, અવતરણો, ઉદ્ધરણો, વાક્યોનું સંકલન છે.

૭૪ વર્ષની છલોછલ જિંદગી સંકેલીને બક્ષીબાબુએ એક દિવસ અચાનક અલવિદા કહ્યું
ત્યારે અનાયાસ બક્ષીબાબુના શબ્દો યાદ આવે છે:

‘...છાતીમાં દમ હશે ત્યાં સુધી લખાશે પણ હવે બે શ્વાસો વચ્ચેનું અંતર ક્રમશઃ વધી રહ્યું છે.
જે દુનિયામાં લખવાનું શરૂ કર્યું એ દુનિયાના પ્રતિદ્વંદીઓ અને આતતાયીઓ ગુજરી ચૂક્યા છે.
આજે જે દુનિયામાં જીવીને લખી રહ્યો છું એ દુનિયામાં મારા માટે પ્રતિદ્વંદીઓ નથી રહ્યા.
શ્રેષ્ઠ શબ્દમાં એકલા પડી જવાની ઘૂટન છે. હવે એ જ ગુજરાતી અક્ષરોના આકારો બદલાઈ ગયા છે,
એ જ ગુજરાતી શબ્દોના અર્થો બદલાઈ ગયા છે પણ સંતોષ છે કે સરસ લખ્યું છે.
દોષભાવનાનો એક છાંટો પણ ન રહે એ ઈમાનથી લખ્યું છે.
મારો શબ્દ ૫૦ કે ૭૫ કે ૧૦૦ વર્ષો પછી પણ ગુજરાતી ભાષામાં ધબકતો રહેશે,
મારા કૃતિત્વના કાર્ડિયોગ્રામની જેમ!’

વર્ષોના બહલાવની સાથે સાથે જીવનના ઉતારઉભારની રેખાઓ
પરિપ્રેક્ષ્યમાં આવીને સાફ થઈ જતી હોય છે. લેખિત શબ્દ હું ચોક્કસ માનું છું કે,
બધી જ પ્રેરિત અભિનીત કલાઓ, વાચિક શબ્દો, દશ્ય શ્રાવ્ય માધ્યમ કસબો,
યાંત્રિક તાંત્રિક સફાઈઓથી ઉપર છે અને રહેશે અને રહ્યો છે.
શબ્દ જીવ્યો છે, જીવે છે અને જીવશે,
લેખકના હાથથી લખાયેલો હોય કે લેસરથી પ્રિન્ટ થયેલો હોય એ ગૌણ છે.
શબ્દ માત્ર સમકાલનો પ્રતિનિધિ નથી, શબ્દએ સર્વકાલના પ્રહરી થવાનું હોય છે.
દરેક અર્થની પાછળ અનેક અર્થઘટન હોય છે, જે લેખકનો વિષય નથી હોતો.
બક્ષીબાબુએ જ ૧૯૮૪માં લખેલું:
‘દરેક નવા વાચકની સાથે સાથે નવા લેખકનો પણ પુનર્જન્મ થતો હોય છે....’

બક્ષીબાબુ નથી... પણ એમનું યથાર્થ, એમનો અહમ્ જીવે છે. જાગે છે!
બાકી તો મધુ રાય કહે છે તેમ ‘ગુજરાત અને ગુજરાતી સાહિત્યમાં
બક્ષી આવતાં 100 વર્ષ સુધી વંચાતા રહેશે...
એમના વિશે દંતકથાઓ રચાતી રહેશે કે...
બક્ષી બંને હાથે લખતા હતા...
બક્ષી શાહીના બદલે હાઇડ્રોક્લોરિક ઍસિડ વાપરતા. બક્ષી સાડા છ ફૂટ ઊંચા હતા...
વસ્તુતઃ બક્ષી પાંચ ફૂટ ચાર ઇંચ ઊંચા હતા, પરંતુ એક મુઠ્ઠી ઊંચા માનવી હતા.’



www.sanjayvaidya.in





# ઓહ કલકત્તા! આહ કલકત્તા!

**શાં**તિનિકેતનમાં ચિત્રકાર નંદલાલ બોઝે એમના શિષ્ય સત્યજિત રાયને સલાહ આપી હતી : વૃક્ષનું ચિત્ર હંમેશાં ધરતીની રેખા પરથી ચીતરવું શરૂ કરવું જોઈએ, નીચેથી ઉપર, રેખા પરથી ચીતરવું શરૂ કરવું જોઈએ, નીચેથી ઉપર કેવી રીતે પ્રકૃતિમાં વૃક્ષ ઊગે છે, વિકસે છે એ જ રીતે! પશ્ચિમમાં વૃક્ષ ઉપરથી ચીતરે છે એમ નહીં ચીતરવાનું! કંઈક અપ્રયાસ, અનાયાસ મારું કલકત્તા મારી ગુજરાતી કલમમાંથી આ રીતે જ ફાટ્યું છે. અંદરથી બહાર, આંખોમાંથી, આંગળીઓમાંથી, લોહીની ભીનાશમાંથી, ફેફસાંના ઉચ્છ્વાસમાંથી... મને લખતાં આવડે એવી એ એક જ રીત છે. ધુમાડાનું ને સરસિયા તેલની વાસનું હુગલી નદીના મટિયાલા પાણીનું અને ગંદકીનું કલકત્તા ક્યાં મળશે દુનિયામાં? આખિરકાર, પુરુષને પણ એક પિયર હોય છે. જ્યાં ફૂટપાથ પરનો તડકો ઓળખે છે. ગલી હસે છે, દરવાજો ખબર લે છે, દીવાલો તબિયત પૂછે છે.

જગત બે જ વસ્તુઓ આપી શકેઃ પ્રસંશા અને પૈસા! એમાંથી મને મારા મૂલ્યો મળ્યાં નથી. કલકત્તાએ પ્રસંશા અને પૈસા આપ્યાં નથી. પણ એ બંનેની મારી વ્યાખ્યાઓ આપી છે. ઘણુંબધું ગમ્યું છે, જે ન ગમવું જોઈએ. જે શિક્ષક મને મારતો હતો એ મરી ગયો ત્યારે હું ખુશ થયો હતો. બ્લાઉઝ કાઢીને મલમલની સાડીમાં શરીર લપેટેલી સ્ત્રીના ગળામાંની ચેઈન જોઈને હું ખુશ થયો હતો. સમજ્યા વિના આખો દિવસ ગીતના એક લયને ગણગણ્યા કરીને હું ખુશ થયો હતો. કલકત્તાનું બાળપણ અકારણ ખુશીનો એક ઉત્સવ હતું. મૂલ્યોનો જન્મ થયો એ પહેલાંના દિવસો હતા. જીવનના સૌથી વધારે વર્ષો મેં કલકત્તામાં ગુજાર્યા છે. મારા સારામાં સારા દિવસો, મારા ખરાબમાં ખરાબ દિવસો, જાહોજલાલી અને મુફલિસી, કુમારાવસ્થા અને જવાની, પ્રગતિ વિગતિ અધોગતિ - બધું એ શહેરમાં જોયું છે. પણ બાળપણનું, કૌમાર્યનું, યુવાવસ્થાનું, મધ્યવયસ્ક ગૃહસ્થીનું એ કલકત્તા આજે જીવતું નથી. બધું જ બદલાઈ ગયું છે. આજે એ શહેરમાં હું માત્ર એક અજનબીની જેમ જ ફરી શકું છું, માટે હું જતો નથી. એ સ્મશાનો પર મારા પૂર્વજોને દાહ અપાયા છે. આજે એ આકાશનો ડર લાગે છે, પણ કલકત્તાએ મને માણસ બનાવ્યો છે. અહીં એક વાર ફૂટપાથ પર ખોટી માળાઓ વેચી હતી, અહીં ઘણી વાર બદમાશીઓ કરી હતી, અહીં પહેલી વાર્તાઓ લખી હતી, અહીં રૂપિયા વહાવ્યા હતા, અહીં જાહોજલાલ વર્ષો ગુજાર્યા હતાં. મારી જિંદગીના પ્રથમ ૩૮ વર્ષો કલકત્તાએ તરાશ્યા છે.